# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે પ્રધાનમંત્રી પાક વીમા યોજના પર ખેડુત પઠ્શાલા-વ-કૃષિ પ્રદર્શન યોજવામાં આવ્યું

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ દાહોદ દ્વારા એક દિવસીય ખેડુત પાઠશાલા-વ-કૃષિ પ્રદર્શનનું આયોજન તારીખ ૧૧/૦૪/૨૦૧૬ના રોજ સવારે ૯-૦૦ કલાકે મુવાલિયા ફાર્મ , દાહોદ ખાતે રાખેલ, જેનુ ઉદઘાટન શ્રી બચુભાઈ ખાબડ , માન. મંત્રીશ્રી , મત્સ્યોધોગ, વન અને પર્યાવરણ (રા.ક.) તેમજ અધ્યક્ષશ્રી, જસવંતસિહ ભાભોર, માન. સંસદ સભ્યશ્રી, દાહોદ તથા અતિથી વિશેષ શ્રી એસ. એ. પટેલ , (IAS) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ તથા ડો. વી. આર. બોધરા , સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તેમજ માન. ધારાસભ્ય (ગરબાડા), શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, માન. ધારાસભ્ય (ફતેપુરા), શ્રી રમેશભાઇ કટારા , ચેરમેનશ્રી, ખેતીવાડી ઉત્પન બજાર સમિતી , દાહોદ, કૈનેયાલાલ કિશોરી , તથા અન્ય આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ ખેતીવાડી ખાતાના અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદઘાટ્ન કરવામાં આવેલ.

પ્રસંગને અનુરૂપ ઉદઘાટકશ્રી અને અધ્યક્ષશ્રીએ પ્રધાનમંત્રી પાક વીમા યોજના વિષે ખેડૂતોને સમજ આપતા જણાવેલ કે આ વીમા યોજનાથી ખેડૂતોને પોતાના વાવેતર કરેલ પાકોમાં કુદરતી આપદાઓના સમયે પાક નિષ્ફળ જાય તો તે પાકની થયેલ નુકશાનીનું ઓછા પ્રિમીયમે વધારે વળતર મળશે તે અંગે વિસ્તૃત માહિતી આપેલ.

ત્યારબાદ મહેમાનોની ઉપસ્થિતિમાં જુદાજુદા વિભાગો દ્વારા ગોઠવવામાં આવેલ સ્ટોલ ખુલ્લા મુકવામાં આવેલ, જેમાં આ યોજના વિષે માહિતી મેળવવા હેતુસર આશરે ૯૦૦ જેટલા ખેડૂતો હાજર રહેલ.

## <u>ખેડુત પઠ્શાલા-વ-કૃષિ પ્રદર્શન</u>



દિપપ્રાગટ્ય



પધારેલ મહાનુભાવો



માન. મંત્રીશ્રીનું ઉદબોધન



માન. સંસદસભ્યશ્રીનું ઉદબોધન





કાર્યક્રમમાં પધારેલ મોટી સંખ્યામાં ખેડૂત ભાઇઓ અને બહેનો